

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*જક્કે ચડ્યા'તા જેટલી, 'મતે' માર્યા નમે છે!*
*જીએસટી એ દીધો પરચો, હાર્યા નમે છે!*
*વાર્યા વરે નહીં એને પ્હોંચે પોતાનું પેટ!*
*પ્રજા-'પતિ'ની સોટીએ ઉગ્ર ભાર્યા નમે છે!!*
*(જીએસટીના હાલ-હવાલ)*

### હાઈકુ

*દાંત વિનાનો,*
*પૂરાયો કરંડિયે -*
*આ કાળોતરો!!*
*(જીએસટી નામ શેષ)*

*શરમ થકી -*
*જીએસટી કાચંડો -*
*બદલે રંગ!!*
*(ફૂગ્ગો ફૂટ્યો)*

### ચિંતન

**ગોર્દુષ્કરાશ્વસઅસ્રા દેકાકિની શ્રેયસી ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છથે.

દુધાળી ગાય હજારો કૂતરાંઓ કરતાં શ્રેષ્ઠ છે.

જેમ દુધાળી ગાય હજારો કૂતરાંઓ કરતાં શ્રેષ્ઠ હોય છે તેમ એક પરોપકરી સજ્જન હજારો ઠગ અને ધૂર્તો કરતાં શ્રેષ્ઠ છે.

હજારો લુચ્ચા - દુર્જન કરતાં એક સજ્જન વ્યક્તિ સાથે સંબંધ હોય તે સારું છે. દુર્જન વ્યક્તિઓ માત્ર પોતાના સ્વાર્થને કારણે જ સ્નેહસંબંધ સાચવે છે પણ સજ્જન વ્યક્તિ આપત્તિમાં આપણું બનીને મદદરુપ થાય છે.

### સુવિચાર

- જે સૌ કોઈના જીવનમાં વસંત નિર્માણ કરે, માણસમાં આત્મ શ્રદ્ધા, આત્મવિશ્વાસ નિર્માણ કરી જાણે તે સંત - **ધર્મસૂત્ર**
- કાયમ યાદ રાખો... પૂણ્યના ઉદયથી મળતા સુખને સ્વીકારી લેવાની ના પાડી શકીશું પણ પાપના ઉદયથી આવતા દુ:ખને આપણે સ્વીકારવું જ પડશે - **એસ. ભટ્ટાચાર્ય**
- મને જે મળ્યું છે તે સારા માર્ગે વાપરવું છે એ નિર્ણય ભલે પછી કરો પણ 'સારું જે મળ્યું છે તે પ્રભુના પ્રભાવે મળ્યું છે' એ શ્રધ્ધા કાયમ સ્થિર કરો - **જનકલ્યાણ**
- તંદુરસ્ત રહેવું હોય તો તંદુરસ્તની આડે આવતા તમામ દ્રવ્યોથી દૂર રહેવું પડે, તેમ ગુણવાન બનવું હોય તો તે ન બનવા દેતા તમામ પરિબળોથી દૂર રહેવું પડે - **ડો. પ્રણવ પંડ્યા**
- ગઈકાલને જે સ્મૃતિ પટ પર રાખી મૂકે છે એની આવતીકાલ ભવ્ય બનવાની સંભાવના પણ કાયમી પૂર્ણવિરામ મૂકાઈ જાય છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જીવનમાં એક વાર્તાનો ખ્યાલ રાખજો કે પૂણ્યની તાકાત 'શ્રેષ્ઠ' જ આપવાની છે પણ 'શુભ' માટે તો આપણે ધર્મના શરણો જ આપવું પડશે - **ધર્મસૂત્ર**
- પ્રાણને પણ આરામની જરૂર હોય છે, અને એટલે જ મૃત્યુ આવતું હોય છે - **વિનોબા ભાવે**

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગાંધીજીના દાદા ઉત્તમચંદ પોરબંદર રાજયના દિવાન હતા. દીવાન તરીકે તેઓ ખૂબ લોકપ્રિય હતા. એકવાર ઉત્તમચંદ ગાંધી ને ત્યાં એમના દીકરાના લગ્નનો પ્રસંગ આવ્યો. ઘણા માણસોને પ્રસંગમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું પણ સાથે તાકીદ કરી કે કોઈએ ભેટ કે ચાંદલો આપવા નહીં. દીવાન સાહેબના દીકરાના લગ્ન પ્રસંગમાં કંઈ એમ ખાલી હાથ થોડું જવાય એટલે આમંત્રિતો ઉત્તમચંદની તાકીદને અવગણીને ભેટ અને ચાંદલા લખાવવા આવ્યા હતા. પોતે મનાઈ કરી હતી છતાં લોકો ભેટ સોગાદ લઈને આવ્યા હતા. એટલે એમને અપમાન ન લાગે તે માટે ઉત્તમચંદે પોતાના મુનીમ અને બીજા બે સહાયકને ભેટ અને ચાંદલો સ્વીકારવા બેસાડ્યા પડ્યા. તેમને મુનિમને સૂચના આપી કે દરેક ભેટ અને ચાંદલો આપનારના નામ નોંધવાનું ભૂલતા નહીં. સાંજ પડે યાદી લાંબી થઈ. બે દિવસ પછી આ બધી ભેટો તથા રોકડની યાદી અને સમગ્ર ભેટ લઈરાજાને મળવા પહોંચ્યા. ઉત્તમચંદે રાજાને કહ્યું, 'આ ભેટ લોકો મને આપી ગયા છે અને મારે એ બધી રોક્કડ ભેટ - સોગાત રાજયની તિજોરીમાં જમા કરાવવી છે.' રાજાએ કહ્યું, 'ભેટ તમને મળી છે. તો રાજયને શા માટે પરત કરો છો ?' ઉત્તમચંદે કહ્યું, 'આ બધું તમારું જ છે જે તમને પરત આપું છું. પ્રજાએ આ બધું આપ્યું છે અને જે પ્રજાનું હોય તે તમારું જ ગણાય.' રાજાની વિનંતી છતાં ઉત્તમચંદ ન જ માન્યા.

# રાજકીય ફિલ્મનો લૂલો બચાવ શરમજનક

**તંત્રીસ્થાનેથી...**

બોન કિંગ્સલે દ્વારા ગાંધી ફિલ્મમાં ગાંધીયુગને જીવંત કરનારો પુરુષાર્થ આંતરરાષ્ટ્રીય સ્તરે પોંખાયો હતો અને આજે આટલાં વર્ષો પછી પણ એ ફિલ્મ ફરી ફરીને જોવાનું ગમે કારણ કે એની પાછળ કોઈ કુત્સિત ઉદ્દેશ કે રાજકારણ નહોતું બલકે એક વિશ્વનાયક ને એના અસલ મિજાજમાં રજૂ કરવાનો શુભ ઈરાદો હતો. ગાંધીનું પાત્ર કચકડાના પડદે જીવંત કરવાના એકાધિક પ્રયાસો થયા છે, પરંતુ આ વિદેશી કલાધર્મીએ સાચા અર્થમાં એમાં જીવ રેડી દઈ સિને ક્ષેત્રે એક સીમાચિહ્ન સર્જ્યું હતું. ડૉ. મનમોહનસિંહ વિશ્વકક્ષાના અર્થશાસ્ત્રી ખરા, પણ એમનામાં લોકનેતામાં જરૂરી એવું નથી આકર્ષક વ્યક્તિત્વ, નથી એવું લોકલુભાવન વકતૃત્વ કે નથી એમની પાસે વિરોધીઓ સામે ઝીંક ઝીલવાની અને રાજકીય ટીકાકારો સામે જડબાતોડ જવાબ દઈ એમની બોલતી બંધ કરી દેવાની ક્ષમતા. સંજય બારૂએ એમને 'એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર' કહી એમનું યોગ્ય મૂલ્યાંકન કર્યું છે. સોનિયા ગાંધીની સામે વિદેશી મૂળનાં હોવાના મુદ્દે જબદસ્ત વિરોધ વંટોળ સરજાયો અને ખુદ તત્કાલીન રાષ્ટ્રપતિ સ્વ. એપીજે અબ્દુલ કલામે એમનો વડાપ્રધાન પદનું જોખમ ઉઠાવ્યા વિના પડદા પાછળ રહી સરકાર ચલાવી શકાય - એવી તથાકથિત શિખામણ આપી, તે પછી સોનિયા ગાંધી પાસે પ્રણવ મુખર્જી, અર્જુનસિંહ અને મનમોહનસિંહ એમ ત્રણ ચહેરા હતા. પહેલા બે અઠંગ રાજકારણી હતા. સોનિયા ગાંધી ગમે તેટલાં લોકપ્રિય હોય તો પણ વડાપ્રધાન પદ પર બેઠેલા પ્રણવ કે અર્જુન એમને પૂછી પૂછી ને પાણી પીએ તે શકય જ ન હતું. મનમોહનસિંહ શત પ્રતિશત ઈમાનદાર અને વફાદાર સાથી ઉપરાંત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત અર્થશાસ્ત્રી અને નરસિંહ રાવ કેબિનેટના સફળ નાણામંત્રી હતા. દેખીતું છે એ સોનિયા ગાંધીએ એમના પર કળશ ઢોળીને પરિવારનું રાજકીય વજૂદ વધારી મૂક્યું હતું. ઘણા બધા નિર્ણયો સોનિયા ગાંધીની મહોર વાગ્યા પછી જ લઈ શકાતા હતા. આ તમામ નકારાત્મક બાબતોને ઉજાગર કરતી ફિલ્મ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પૂર્વે જ રિલીઝ કરવા પાછળ દેખીતું રાજકીય ગણિત બલકે ષડયંત્ર જ હતું તે દીવા જેવું સ્પષ્ટ છે. અનુપમ ખેર ભલે બડાશ મારતા ફરે કે આવી ફિલ્મ ઑસ્કાર માટે નોમિનેટ થવી જોઈએ અને મેં મનમોહનસિંહનું પાત્ર ભજવવામાં જીવ રેડી દીધો છે, પરંતુ હકીકત એ છે કે અનુપમ ખેર ભારતીય જનતા પાર્ટીના સ્ટાર પ્રચારક ઉપરાંત એની સરકારના મોટા લાભાર્થી છે. એમણે અભિનયકળાનો વેપલો માંડીને નરેન્દ્ર મોદીને ખુશ કરવા માટે આ ફિલ્મમાં રોલ કર્યો છે. પ્રજા કે પ્રેક્ષકો કયારેય એમને બેન કિંગ્સલેની કક્ષામાં નહીં મૂકી શકે તે એમને સમજી લેવું જોઈએ. ખોરી દાનતવાળા અનુપમખેર ઑસ્કાર મેળવી લે તો પણ એથી મનમોહનસિંહની સાલસ અને સ્વચ્છ પ્રતિભા સામે એ ઝાંખા જ લાગશે.

# કોઈ પણ શુભ કામ માટે શ્રેષ્ઠ મુરત : કમુરતાં

**પ્રસંગસર**

રોહિત શાહ

જયોતિષશાસ્ત્રને અનુસનારા ડરપોક અને વહેમીલા લોકો કમુરતાંના દિવસોમાં શુભ કાર્ય કરવાનું ટાળે છે.

કમુરતાં માત્ર હિન્દુઓ માટે જ છે ? મુસ્લિમો, ખ્રિસ્તીઓ, બૌદ્ધો, પારસીઓ અને અન્ય ધર્મના લોકો તો કમુરતામાં માનતા નથી ! આપણા દેશ સિવાય દુનિયાના કોઈ દેશમાં કમુરતાં નથી. તો શું હિન્દુઓએ કમુરતાંનું કશું બગાડ્યું છે ? કમુરતાં શા માટે માત્ર ભારતના લોકોને અને એ પણ માત્ર હિન્દુઓને જ નડે ?

કમુરતાં દરમિયાન ફુલો સુગંધ આપવાનું બંધ કરી દે છે ખરાં ? આ દિવસોમાં ગાય જે દૂધ આપે છે એનો સ્વાદ કડવો લાગે છે ખરો? લીમડો મીઠો થઈ જતો નથી અને મરચાં કડવા થઈ જતા નથી. કમુરતાંની અસર અન્ય જીવસૃષ્ટિ ઉપર જરાય પડતી નથી. પ્રકૃતિ ઉપર પણ કમુરતાંનો કશો પ્રભાવ નથી પડતો.

તો પછી કમુરતામાં શુભ કાર્ય કરવામાં વાંધો શો છે ?

સપોઝ, કમુરતામાં તમે લગ્નપ્રસંગનું આયોજન કરશો તો એ માટે તમને હૉલ ઈઝીલી મળી જશે. રસોઈયા, બેન્ડવાજાંવાળા, ડેકોરેટર્સ અને ગોરમહારાજ પણ કમુરતામાં દરમિયાન ખાસ્સા ફ્રી હોય છે. તેમની સર્વિસ તમે આસાનીથી અને ઓછી કિંમતે મેળવી શકશો. હવે તમે જ વિચારો કરો કે આ બધું બહુ મુશ્કેલીથી મળે, બહુ મોંઘીં કિમતે મળે તે સારું કે પછી આસાનીથી, વાજબી કિંમતે મળે એ સારું ? જેમાં હેરાન-હેરાન થઈ જાઓ એ શુભ મુરત કહેવત કે જેમાં રાહતપૂર્વક મોજથી કામ થઈ શકે એને શુભ મુરત કહેવાત ?

આપણે આમ પાછા વ્યવહારડાહ્યા અને પૅક્ટિકલ છીએ. કમુરતામાં રસ્તેથી પસાર થતાં સોનાની લગડી કે પચાસ હજાર રૂપિયાનું બંડલ જડે તો લઈ લઈએ કે જતું કરીએ ? કમુરતાંના દિવસો દરમિયાન કોઈ સ્નેહી કે મિત્ર આપણને કંઈક ગિફટ આપે તો એ સ્વીકારી લઈ કે નહિ ? જૉબમાં પ્રમોશન મળે તો કમુરતાંને કારણે થોડો કં આપણે એનો અસ્વીકાર કરીશું ? જે તક હાથમાંથી સરકી જવાની શક્યતા હોય અથવા જે લાભ જતો કરવો પડે એમ હોય એ માટે કમુરતાં આપણને નથી નડતાં.

શાસ્ત્રોમાં એમ જાણવા મળે છે કમુરતાનું આયોજન એ માટે કરવામાં આવ્યું છે કે એ દિવસો દરમિયાન મહાભારતનું યુદ્ધ થયું હતું. ભાઈઓ-ભાઈઓ વચ્ચે યુદ્ધ કરાવે એ દિવસો અશુભ ગણાય. શ્રીકૃષ્ણ એમ કહેતા હતા કે મહાભારત યુદ્ધ ભાઈઓ-ભાઈઓ વચ્ચે નથી, પણ ધર્મ અને અધર્મની વચ્ચે છે. એમાં પાછો વિજય તો પાંડવો (એટલે કે ધર્મનો) જ થયો હતો. હવે બોલો, જે યુદ્ધમાં ધર્મનો - ન્યાયનો વિજય થયો હોય એ યુદ્ધના દિવસો અશુભ કે અપશુકનિયાળ શી રીતે હોય ?

કયારેક એવું બને કે કમુરતાંના દિવસો દરમિયાન કરેલું કોઈ નવું કામ કે નવું સાહસ નિષ્ફળ પણ જાય. એમાં કમુરતાંનો વાંક કાઢવાની જરૂર નથી. એમ તો શુભ મુરત જોઈને કરેલું દરેક કાર્ય હંમેશા સફળ જ કયાં થાય છે ? કોઈ પણ કાર્યની સફળતા-નિષ્ફળતાનો આધાર શુભ કે અશુભ મુરત કદી હોઈ શકે ? એ માટે તો યોગ્ય પુરુષાર્થ, યોગ્ય સૂઝ, પૂરતી ધીરજ, પૂરતી ચીવટ અને તટસ્થ ગણતરીપૂર્વકનું આયોજન મહત્ત્વનાં છે. જો આપણી આવડત હોય, સંબંધો અને સંપર્કો જાળવતાં આપણને આવડતું હોય, જો આપણે સ્વાર્થી કે લુચ્ચા ન હોઈએ તો આપણું કાર્ય સફળ થાય જ છે. એક બીજી વાત. આટલી બધી બાબતો હોવા છતાં કોઈ વિરોધી વ્યક્તિની બદદાનતને કારણે, આપણી કોઈ મિસ્ટેકના કારણે કયારેક સફળતા ન મળે, તો ય સ્વસ્થ રહેવાનું તો આપણા જ હાથમાં હોય છે ને ! દરેક વખતે આપણું ધારેલું ન પણ થાય. કોઈ વખત આપણી ગણતરી ખોટી પણ પડે. સંસારમાં દરેક વ્યક્તિ સફળ નથી થતી એમ દરેક વ્યક્તિ નિષ્ફળ નથી થતી. સફળતા-નિષ્ફળતા માટે શુભ કે અશુભ મુરત જરાય જવાબદાર નથી હોતાં એવું અનેક અનુભવો પછી હું સ્વપ્ટપણે કહું છું.

આપણા સમાજમાં તો ઊલટાનું કમુરતામાં જ કામ કરવું જોઈએ. મોટા ભાગની ડરપોક-ભીરું પ્રજા કમુરતાના વહેમને કારણે આ દિવસોમાં કોઈ શુભ કાર્ય કરશે નહીં એટલે આપણને ભીડ નહિ નડે. આપણે ઝડપથી - મોકળાશથી દોડી શકીશું. જે મૂરખાઓ વાહિયાત વહેમોમાં રિબાવા તલપાપડ રહેતા હોય એ ભલે રિબાતા, આપણા માટે તો કમુરતાં હોય તો પણ નો પ્રોબ્લેમ !

# ૧૫મી સદીની પથ્થરોની અદભુત દુનિયા : ખેડબ્રહ્માની પોળો



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ



શિયાળાની વહેલી સવારની કડકડતી ઠંડીમાં મેં અરુણભાઈના ઘરનું બારણું ખટખટાવ્યું

બારણું ખૂલ્યું અને અંદરથી જાણીતા લેખક શ્રી મધુ રાય પ્રગટ થયા.

કથ્થઈ કલરનું પેન્ટ, દેવાનંદના સમયના બૂટ, કોટનનો બૂટીવાળો સફેદ શર્ટ, ઉપર કાલા કલરનું સ્વેટર, આખે ચશ્મા, માથે અમેરિકન હેટ, એકદમ કડક અને ખૂંખાર ચહેરા પર આછી શ્વેત મૂંછ, કૌતુક ભરેલી, ભાવશૂન્ય ઊંડી આંખો અને ચહેરા ઉપર ઠંડીમાં ઠૂઠવાતું વાત્સલ્યભર્યું સ્મિત.

તૈયાર છો ને ? મેં પૂછ્યું " હા " તેમણે કહ્યું ત્યા તેમની પાછળની બાજુએથી બીજુ એક વ્યક્તિત્વ – પૂર્વ દિશામાથી જેમ અરુણ પ્રગટે એમ પ્રગટ્યું. એમના નાના ભાઈ અરૂણભાઈનું .. અને અમે સીધા ઉપડ્યા એક અનોખા પ્રવાસે.

છેલ્લા ચાલીસેક વર્ષથી અમેરિકામાં રહેતા આપણી ભાષાના લાડિલા સર્જક શ્રી મધુ રાય છેલ્લા વીસેક દિવસથી ગાંધીનગરની પચરંગી ધરતીના શ્વાસ લે છે. મેગા સીટી શિકાગોની ઊંચી ઊંચી ઈમારતો અને ઊભી તલવારની ધાર જેવા ટાવરોની વચ્ચે ઘેરાયેલા આ સર્જકને આજે ગુર્જરધરા પર પથરાયેલ પથ્થર, પહાડ અને પ્રકૃતિનું સૌન્દર્યપાન કરાવવા હું, મધુ રાયના ભાઈ અને "મમતા"ના તંત્રીશ્રી અરુણભાઈ અને પ્રા. સંજય પટેલ ગાંધીનગરથી સવારે છ વાગ્યે નીકળ્યા.

આજે જ્યારે ૨૧મી સદી ૧૯માં વર્ષમાં પ્રવેશીને પોતાના યૌવનનું સૌન્દર્ય ચરમસીમાએ લઈ જઈ રહી છે ત્યારે વિશ્વના અનેક દેશોના મહાનગરોના નિર્માણાર્થે પ્રાકૃત્તિક સૌન્દર્યનું હનન થઈ રહ્યું છે. તેવા સમયે આપણી પાવન ધરા પર હજી એવા ઘણા વિસ્તારો છે જ્યા કોઈ પ્રકારની આધુનિકતા પ્રવેશી નથી. ૧૮મી અને ૧૯મી સદીના માનવ સમાજો, માનવ સ્વભાવો, ઘરો, પરંપરાઓ આજે પણ અનેક આદિવાસી વિસ્તારોમાં જીવિત છે.

અમે બધા સવારે આઠ વાગ્યે નવી બનેલી વડાલી આર્ટસ કૉલેજની મુલાકાત પહોંચ્યા. માત્ર ૧૫ મિનિટ પહેલા જ તેઓને જાણ કરી હોવા છતાંય ત્યાની વિદ્યાર્થિનીઓ, અધ્યાપકો અને પ્રિન્સીપાલ દ્વારા અમારું તાજા ગુલાબના ફૂલથી સ્વાગત થયું. સર્જક અને અધ્યાપકશ્રી ડૉ. પ્રભુદાસ પટેલ, આચાર્ય શ્રી ડૉ. નરેશભાઈ પટેલ તથા સૌએ નાસ્તો કરી અમે વિદાય લીધી. અબાંજી યાત્રાધામની બાજુમાં આવેલ "પોશીના" ગામે સરકાર દ્વારા ત્રણેક વર્ષ પહેલા " આર્ટ્સ ઈશ્ કૉમર્સ કૉલેજ અસ્તિત્વમાં આવેલી છે જેમાં ઈન્ચા. પ્રિન્સીપાલનું પદ શ્રી સંજય પટેલ સંભાળી રહ્યા છે. તેમણે બધી વ્યવસ્થા કરી રાખી હતી. કુમકુમ અને ચોખાથી અમારું સ્વાગત થયું. પછી કૉલેજના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં મધુ રાય સાથે સર્જક ગોષ્ઠિ કાર્યક્રમ યોજાયો.

આજથી ૪૦ વર્ષ પહેલા ગુજરાતી રંગભૂમિ ઉપર સૌ પ્રથમ વખત ઈમ્પ્રૂવાઈઝેશનના પ્રયોગો કરનાર મધુ રાયે આ આદિવાસીવિસ્તારના સાવ આંતરમુખી વિદ્યાર્થીઓને નામ – પરિચય પછી " અઈયોયો " શબ્દ બધા પાસે બોલાવીને આંગિક ચેષ્ટાઓ દ્વારા સર્જનલીલાની વાત એકદમ સાહજિકતા અને સરળતાથી કરી સૌને ચેતનવંતા બનાવી દીધા હતા. ત્યાર પછી પોશીનામાં સ્થાયી સ્વામીનારાયણ મંદિરની મુલાકાત, અને પોશીના સ્ટેટના વંશજ ગોપાલસિંહ રાવના દરબાર ગઢ (હાલ - હેરિટેજ હૉટેલ) ની મુલાકાત લીધી. આધુનિક સગવડોને પૌરાણિક વસ્ત્રો પહેરાવીને બનાવેલી આ હેરિટેજ હૉટેલ હનીમૂન કપલ માટે એકદમ શાંતિની જગ્યા છે. ત્યાંથી અમે ગયા ઊંચા ઊંચા પર્વતોની વચ્ચે રહેલા "લાખિયા તળાવે " પોશીનાથી ત્રણેક કિ.મી. દૂર આવેલ આ 'લાખિયા' ગામ કે જ્યા માત્ર પ્રકૃતિને આશરે જીવતા આદિવાસી લોકસંસ્કૃતિ સગી આંખે જોવા મળે. તળાવે પહોંચતા જ આંખોમાં ઠંડક અને હૈયામાં પરમ શાંતિનો અનુભવ થયો. મુખમાંથી "આહ અને વાહ ' અનાયાસે જ નીકળી જાય એવું અદભુત પ્રાકૃતિક સૌન્દર્ય. માત્ર પથ્થરોથી બનેલા પર્વતોનું પણ એક અલગ સૌન્દર્ય હોય છે. અહીં આ પથ્થરના પર્વતોએ પોતાની વચ્ચે વિશાળ સરોવરમાં પાણીને સાચવ્યું છે. તળાવને કિનારે પથ્થરનો બનાવેલો એક નાનો રૂમ અને મોટો ઓટલો છે. આ ઓટલાની ખાસિયત એ છે એનો એક ભાગ તળાવના પાણીમાં જ રહે છે. જેની ઉપર દસ બાર માણસો આરામથી સુઈ શકે છે. આ ઓટલાની ઉપર ઉનાળામાં પૂનમની ચાંદની રાતે સૂવાનું સપનું મનમાં કાયમ કર્યું. અહીયા ચારેતરફ એકદમ શાંતિ અને સ્વચ્છતા છે. પરંતુ હવા, પાણી, વૃક્ષો, પર્ણો, ફૂલો અને પથ્થરો અહી એકબીજા સાથે જરૂર વાતો કરતા હશે. આપણે પણ મનથી એવું અનુભવી શકીએ. તળાવમાં માછલીઓ હોવાથી અહીં માછીમારીનો વ્યવસાય પણ ચાલે છે. અહી વસતા બે વિદ્યાર્થીઓએ પાણીમાં રહેલી નાવ તૈયાર કરી અને મધુ રાયને બોટિંગ માટે પાણીમાં ઉતાર્યા, સાથે સંજયભાઈ પણ રહ્યા. મેં બન્નેનું વિડીઓ ઉતાર્યુ, ફોટા પાડ્યા.

લાખિયા તળાવથી ઉપડ્યા સીધા ખેડબ્રહ્માની સુપ્રસિદ્ધ પોળો તરફ. સાબરકાંઠાના સાવ છેવાડાના છેક રાજસ્થાનની બોર્ડર નજીક અભાપુર નામે ગામ છે. જ્યા છેક ૧૫મી સદીમાં બનાવાયેલું એક પ્રાચીન ખંડેર " શરણેશ્વર મહાદેવનું મંદિર " છે. વિશેષ રીતે કલાત્મક આ સાંધાર પ્રકારના બે માળના આ શિવ મંદિરમાં એક ટૂટ્યો ફૂટ્યો નંદીમંડપ છે પીઠિકામાં ગ્રાસપદી, બેવડી જંઘામાં ભૈરવ, યમ, બ્રહ્મા, શિવ, ઈન્દ્ર, વિષ્ણુ, પાર્વતી, ઈન્દ્રાણી અને ગણેશના આકર્ષક શિલ્પો છે. તથી વેદિકામાં કંડારેલ ઊર્મિવેલ અને મંડપના વામન મંદિરને ભવ્ય કલાત્મક બનાવે છે. અહીં આસપાસ પથરાયેલ પર્વતો જાણે આ મંદિરોની આ ક્ષણભંગુરતા જોઈને આપણને પણ કંઈક કહી રહ્યા હોય એવું લાગે છે. પરંતુ આપણે તો મંદિરની આસપાસ આંટાફેરા લગાવીને ફોટો કે વિડીયો ઉતારીને પાછા ફરીએ છીએ અને જંગલમાં આખી રાત આ કલાત્મક પથ્થરોનો આર્તનાદ ગૂંજ્યા કરે છે.

અભાપુર ગામે બીજુ એક શિવ મંદિર છે. જેની મધ્યે શિવ શક્તિના દ્વૈત દર્શન રૂપ ઈન્દ્ર – ઈન્દ્રાણી, શિવ – પાર્વતી, તેમ જ બ્રહ્મા – બ્રહ્માણીના શિલ્પો છે. દ્વારશાખના ભદ્રાદિ ભાગે સૂર્યાણી અને દક્ષિણે સૂર્ય તેમ જ ઓતરંગની મધ્યે અશ્વારૂઢ સૂર્યની બન્ને બાજુ સૂર્યાણીના શિલ્પો વિશેષ રીતે કલાત્મક બન્યા છે. આ ઉપરાંત દર્પણકન્યા અને અપ્સરાનાં શિલ્પો પણ અહે સૌનું ધ્યાન ખેંચે છે.

ત્યાર પછી બાજુમાં જ જૈન મંદિર આવેલ છે. શિખરાન્વિત કલાત્મક શિખર, સભામંડપ અને ગૂઢમંડપને જોડતો – ભૌગોલિક ભાગ સાથે તાલ મેળવતા ત્રિકમંડપ, એની ઉપરના ઘુમ્મરો અને બલાનક જેવા અંગોથી સુશોભિત જૈન મંદિર ૧૫મી સદીના પથ્થરો થી મંડિત કલાત્મક સૌન્દર્ય ધરાવે છે. દ્વાર શાખના કલાત્મક અને મનોહર શિલ્પો, છતની આકર્ષક કોતરણી અને વિવિધ આકારોથી અલંકૃત ઈસ્લામી અસર દર્શાવતી જાળીઓ સૌ કોઈનું મન મોહી લે છે.

આ આખા વિસ્તારમાં એક જુદા જ પ્રકારનું પ્રકૃતિરૂપ છે. વૃક્ષો નદી, ઝરણા, ફૂલો, પર્વતોની સાથે સાથે અહી છસો વર્ષ જૂના પથ્થરોનું પણ પોતાનું આગવું સૌન્દર્ય છે. અહીં આ પથ્થરો અને પહાડો આપણી સાથે વાતો કરતા હોય એવું લાગે છે. આ બધી જ પ્રાકૃતિક સંપદા આપણને સૌને તો પરમ આનંદાભૂતિ કરાવે છે પણ બદલામાં આપને એમને શું આપીએ છીએ ? ઠેર ઠેર કચરાના ઢગલા... અહીં સ્વચ્છતાનો ખુબ જ અભાવ છે. ચારેતરફ પ્લાસ્ટિકની કોથળીઓ અને બોટલો જોવા મળે છે. સૂરક્ષાની રીતે આ પોળોને હજીયે બધુ સ્વચ્છ અને સુરક્ષિત બનાવવાની જરૂર છે. અસ્તુ.

# બાય બાય - ૨૦૧૮...!

**રઝળપાટ**

અજય ઉપાધ્યાય



નવા વર્ષને વેલકમ કરવા ઓલ આર રેડી જ છે....કહે છે ને કે નવું સહુને ગમે પણ જે ગયું એનું શું? 'બીત ગઈ સો બાત ગઈ' એ કહેવત સાંભળવામાં કે દિલને સમજાવવામાં સારી તો છે પણ હકીકત એ છે કે જો વીતી ગયેલી વાત કે સમય ને ફરીથી યાદ કરવામાં આવે તો એ આગળના સમયને પસાર કરવામાં મદદરૂપ થાય જ છે..! દરેક નવું વર્ષ નવી આશાઓ, નવા ઉમંગો અને નવા પડકારો લઈને જ આવે છે અને એ જ નવું વર્ષ જ્યારે વિદાઈ થઈ રહ્યું હોય છે ત્યારે હમેશા એ જોવું, યાદ કરવું અને વાગોળવું મહત્વનું છે કે શરુ થયું ત્યારે જે પડકારો, આશાઓ, ઉમંગો જોયેલા એમાંથી કેટલા સાચા પડ્યા? કેટલાની સામે સામી છાતીએ લડી શક્યા? કેટલી આશાઓ ને ઉમંગો ખરેખર પરિપૂર્ણ થયા? લેટ્સ હેવ એ રીકેપ એન્ડ ઈફ પોસીબલ પ્રીકેપ ટુ....!

ઓબવિયસલી શરૂઆત 'ગંદા હૈ પર ધંધા હૈ' પોલીટીક્સ થી જ...! ૨૦૧૮ની શરૂઆતમાં જ નહિ પણ છેલ્લા ચારેક વર્ષથી એમ લાગતું હતું કે દેશમાં માત્રને માત્ર એક જ પક્ષ યાની કી ભાજપનું જ રાજ ચાલે છે કે વધુ ને વધુ ચાલતું રહેવાનું છે એ વાતને ૨૦૧૮ નો અંત આવતા આવતા એક જબરદસ્ત ઝાટકો લાગ્યો. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છતીસગઢમાં ભાજપને મળેલી હારે વિપક્ષોના ફેફસામાં નવા શ્વાસ ભરવાનું કામ તો કર્યું પણ સાથે સાથે ઓલમોસ્ટ અજેય ગણાતા મોદીને ૨૦૧૯ની ચૂંટણી માટે નવી રણનીતિ બનાવવા મજબુર પણ કરી દીધા. નો ડાઉટ ત્રણેય રાજ્યોમાં ભાજપે કોંગ્રેસને ટફ ફાઈટ આપી છે પણ મોદી-શાહના કપાળે એ વિચારીને કરચલીઓ પડતી હશે કે આનો પ્રભાવ જો ૨૦૧૯ ની ચૂંટણીમાં પડ્યો તો 'મોદી ફિર સે' શક્ય નહિ બને. અધૂરામાં પૂરું એનડીએ ના અમુક સાથીપક્ષો પણ વહાણમાંથી જમ્પ કરવામાં છે એવામાં મોદી-શાહની જોડીને ચિંતા તો છે જ પણ સાથે સાથે એક વાતનો થોડો ઘણો રાહતનો શ્વાસ એ છે કે વિપ્કશોમાં ક્યાય હજુ સુધી એકતા જેવું લાગતું નથી. બધા ગામ ભણી કે સીમ ભણી ખેચવામાં મશગુલ છે એવામાં જો વિપક્ષો ૨૦૧૯મા એક ના થઈ શકે તો 'મોદી ફિર સે' નક્કી જ છે. ૨૦૧૮નો અંત આવતા આવતા મોદી સરકારની વિશ્વનીયતામાં આવેલી ગિરાવટનો કોંગ્રેસ અને બીજા વિપક્ષો કેટલો ફાયદો ઉઠાવી શકે છે એ જોવું ૨૦૧૯મા રસપ્રદ રહેશે પણ યાદ રહે કે આ મોદી છે અને સાથે અમિત શાહ છે એટલે ચોક્કસપણે લોકસભા-૨૦૧૯નો જંગ કાંટે કી ટક્કર સાબિત થવાનો. વધુ વિશ્વાસુ અને કોન્ફીડંસથી ભરપુર રાહુલ ગાંધી ની આગેવાનીમાં વિપક્ષી એકતાના સપના સાથે ૨૦૧૮ પૂરું થયું છે એવામાં આ સપનું જો ૨૦૧૯મા સાચું પડે તો ભારતીય રાજકારણમાં એક નવી દિશા ઉઘડવાની એ ચોક્કસ છે....વેઈટ એન્ડ વોચ આ આવ્યો મેં-૨૦૧૯...!

સામાજિક ક્ષેત્રે ૨૦૧૮ સુપર ડુપર રહ્યું એમ કહી શકાય, ખાસ તો સુપ્રીમ કોર્ટના મોટાભાગના અફલાતુન અને સજ્જડ છતાયે વ્યવહારુ એવા ચુકાદાઓથી...! યસ ઓલમોસ્ટ આખુયે ૨૦૧૮ કાનુન કા રાજ રહા એમ કહી શકાય. સુપ્રીમ કોર્ટે એક પછી એક એવા શકવર્તી અને હિસ્ટોરીકલ ચુકાદાઓ આપ્યા કે દેશનો સામાન્ય માં સામાન્ય માણસના કાન અને આંખ સુપ્રીમ કોર્ટ તરફ મંડાતા રહ્યા. કોર્ટે લગભગ ૧૫૮ વર્ષ જુનો વ્યભિચારનો કાયદો ખત્મ કર્યો તો સામે છેડે વર્ષોથી જેની માંગ હતી અને જેને વિશ્વ સાથે જાતીય સમાનતાના હમકદમ તરીકે ગણાવી શકાય એવી ધારા ૩૭૭ પણ કલમના એક ઝાટકે રદ કરી તો આધાર ને નિરાધાર થતું બચાવી લીધું. જો કે આધાર પણ સમાચાર માધ્યમોની ભાષામાં 'બહસ જારી હૈ'. શબરીમાલા ના દરવાજા તો ખોલ્યા પણ વિવાદ હજુ યથાવત છે તો સામે છેડે ભલે રાજકીય અસરો હોય તો પણ રાફેલ ડીલમાં મોદી સરકારને ક્લીન ચીટ પણ સુપ્રીમ કોર્ટે જ આપી. ખેર વિવાદો તો થવાના જ અને એવા જ એક વિવાદે દેશને પણ હલબલાવી દીધો. 'મી ટુ' ...વિદેશથી આયાત થયેલી આ મુવમેન્ટે દેશી સંસ્કરણમાં તહેલકો મચાવી દીધો. કઈક ના નકાબ ઉતરી ગયા... માફીઓ મગાઈ...ભૂલો સ્વીકારાઈ ...તો સામે છેડે તહોમતો અને આરોપોના ટાઈમિંગ પર સવાલો પણ ઉઠ્યા...પણ સામાજિક અસરો ગણીએ તો કેક તો સારું અને આંખ ઉઘાડ્નારું બન્યું એ હકીકત છે.

આંખ તો હવે ખાન ત્રિપુટીની પણ ઉઘડવી જોઈએ એવું લાગે છે..! 'ઝીરો' નામે મસમોટુ મીંડું....'ઠગ્સ' ના નામે દર્શકોને ઠગાયા ની લાગણી અને 'રેસ-૨' ના હથોડા દર્શકોએ નકારી કાઢ્યા તો સામે 'અંધાધુંન'...'બધાઈ હો'... 'બાગી-૨' 'સોનું કે ટીટુ..' જેવી સરપ્રાઈઝ હીટ અને '૨.૦' 'પેડમેન'... 'સંજુ', ' પદમાવત'... જેવી ધારેલી હીટની વચ્ચે બોલીવુડ પરથી ખાન સામ્રાજ્યનો અંત આવતો હોય એવું લાગી રહ્યું છે. ઝીરોની નિષ્ફળતા વખતે શાહરૂખે સાચું જ કહ્યું કે 'મારું સ્ટારડમ મારા પર સવાર થઈ ગયું છે' એટલે સ્ટારડમ વગરના આયુષ્યમાન, વીકી કૌશલ કે કાર્તિક આર્યન જેવા કોઈ મોટી અપેક્ષા જગાવ્યા વગર માત્ર ને માત્ર સારી એક્ટિંગ અને હટકે સ્ટોરીને લીધે સોનેરી સ્ક્રીન પર ઝળહળી ચુક્યા છે. ખાન ત્રિપુટી એ કશુક હટકે અને નવું આપવું પડશે નહિતર ૨૦૧૯મા ગુમ્મ્મમમ્મ થતા વાર નહિ લાગે અને ઉપરથી વેબસીરીઝ ના બોલ્ડ કન્ટેન્ટ અને ઈઝીલી અવેલેબલ (ઓલમોસ્ટ ફ્રી જ કહી શકાય) એવા એક સે બઢકર એક સીરીઝોએ બોલીવુડ ને કશુક નવું આપવા મજબુર કર્યા છે. જો કે ૨૦૧૮ ના અંતમાં 'સીમ્બા આલા રે' ના ઉત્સાહજનક અને વિક્રમી કલેકશનોએ મસાલા ફિલ્મો અને સ્ટારપાવર ને થોડો ઓક્સીઝ્ન પૂરો પાધ્યો છે પણ ૨૦૧૯ માં બોલીવુડે કશુક હટકે...નવીન અને શોકિંગ આપવું જ પડશે...!

આ લખાય છે ત્યારે શનિવારની સવારે બુમરાહ એન્ડ કંપનીએ ઓસીઝ ને ઓલરેડી શોક આપી જ દીધો છે. માઈટી ઓસ્ટ્રેલિયન્સ મેલબોર્નમાં કરારી હાર તરફ આગળ વધી રહ્યા છે. ઇંગ્લેન્ડમાં ધબડકા પછી અને ઈવન બીજા ટેસ્ટમાં સ્પિનર વગર ઉતરીને હારેલી કોહલી એન્ડ કુ. માટે આ એક બહુ મોટું એચીવમેન્ટ ગણાશે અને એ પણ એવા સમયે કે હવે વર્લ્ડ કપ કઈ ખાસ બહુ દુર નથી જ. ઓસીઝ્ની ધરતી પર મળતા વિજયો ની નીચે કોહલી-શાસ્ત્રીના અમુક બ્લંડરો... એરોગ્ન્સ અને આપખુદી ઢંકાઈ તો જશે જ પણ જો ભારતે વર્લ્ડકપ પોતાના ખાતે કરવો હશે તો આ દેખાવ ચાલુ રાખવો પડશે. જો કે વર્લ્ડ કપ પહેલા હવે કાઈ બહુ આંતરરાષ્ટ્રીય મેચો તો નથી જ પણ હા છતાયે કોહલીને જ્યારે આટલો છૂટો દોર મળ્યો જ છે તો એણે એનો લાભ લઈને આ જ બાશીંદાઓને વધુ ધારદાર કરવા પડશે. અત્યારનો પેસ અને સ્પીન એટેક સર્વશ્રેષ્ઠ છે અને બેટ્સમેનો પણ લયમાં છે જેનો ફાયદો વર્લ્ડકપમાં થવો જ પડે... લેટ્સ સી હાવ ધ ટીમ બિહેવ ઈન ઈંગ્લેન્ડ...! હેવ એ હેપ્પી ૨૦૧૯ ટુ ઓલ્ઝ....!

**વિસામો :**

ઓમ શાંતિ : અટલ બિહારી વાજપાઈ (પૂર્વ વડાપ્રધાન)... એમ. કરુનાનીધી (ડીએમકે ચીફ)... સ્ટીફન હોકીન્ગ્સ... શ્રીદેવી... શશીકપૂર... એચ. ડબ્લ્યુ. બુશ. (પૂર્વ અમેરિકન પ્રમુખ)...જશદેવસિંહ (કોમેન્ટરેટર)..વગેરે વગેરે...!